"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

---

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૨-૨૩/૨૦ તા.૦૯-૦૪-૨૦૨૨

**ખાસ જરૂરી**

પ્રતિશ્રી,
માન.શ્રી હર્ષભાઈ આર. સંઘવી
માન.રાજયકક્ષાના મંત્રીશ્રી ગૃહ અને પોલીસ હાઉસીંગ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**વિષય :- વંટાડા ટોલપ્લાઝા ઉપર (મોટા ચિલોડા થી શામળાજી વાળો રોડ) પોલીસ તેમજ આર.ટી.ઓ. અધીકારીઓ દ્વારા થતી કનડગત બાબત**

માનનીયશ્રી,

જય ભારત સાથે જણાવવાનું કે ઉપરોક્ત વિષયે શામળાજી નજીક આવેલ ટોલબુથ પાસે પોલીસ તેમજ આર.ટી.ઓ. દ્વારા દરેકે દરેક કોમર્શીયલ વાહનોને રોકવામાં આવે છે અને તેને લીધે રોડ ઉપર ખુબ જ અડચણો ઉભી થાય છે અને ગાડીવાળાઓનો સમય પણ ખુબ બગડે છે.

આ બાબતે ખાસ જણાવવાનું કે આ સંદર્ભે નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાના અધિકારીશ્રીએ ડિસ્ટ્રીકટ કલેકટર અરવલ્લી અને સુપ્રીટેનડેન્ટ ઓફ પોલીસ અરવલ્લીને પત્ર દ્વારા જાણકારી આપેલ છે.

આપની જાણકારી ખાતર નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ઉપરોક્ત પત્રમાં બધી જ વિગતો ક્રમવાર તેના અધિકારીએ આપેલ છે અને તેમાં પોલીસ વિભાગનો ચેકીંગનો સમય પણ જણાવેલ છે જે બહુ સુચક છે.

અમારી જાણ મુજબ હાઈવે ઉપર દરેકે દરેક ગાડીનું બે વિભાગ દ્વારા ચેકીંગ થાય તો પ્રવર્તમાન ટ્રાફિકને જોતા કદાચ હાઈવે શહેરના રસ્તાઓ કરતા પણ વધારે જામ થઈ જાય.

આ જ પ્રમાણે અમોને બીજા ટોલનાકા જેમા કે ખાસ કરીને વાસદ, કરજણ, કામરેજ, વાપી, બામણબોર વગેરે ટોલનાકા ઉપરથી અમારા પ્રતિનિધિમંડળની ઔપચારીક મુલાકાત દરમ્યાન જાણકારી આપેલ છે, તેમજ અમોએ પણ પ્રત્યક્ષ રીતે અમારા પ્રવાસ દરમ્યાન જોયું તેમજ અનુભવ્યું છે.

વધુમાં આપની જાણ ખાતર ઘણી વખત આ બાબતની ચર્ચા ભરૂચ, કામરેજ, નવસારી અને વલસાડના પોલીસ અધિકારીઓ સાથે પણ ચર્ચા કરેલ છે.

અમને વિશ્વાસ છે કે નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા તેમજ અમારી સંસ્થાની રજુઆત અને વિનંતી પર આ બાબત આપશ્રી ઘ્યાનમાં લઈ જે-તે વિભાગને જરૂરી સુચના આપશો.

આપના સહકારની અપેક્ષા સહ

આપનો વિશ્વાસુ,

વાસણભાઈ જી. આહિર
પ્રમુખ

સામેલ : નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાના તા.૦૪-૦૪-૨૦૨૨ના પત્રની નકલ

નકલ રવાના : ૧. માન.શ્રી રાજેશભાઈ મંજુ સાહેબ-વાહનવ્યવહાર કમિશ્નરશ્રી,ગાંધીનગર, ગુજરાત રાજ્ય.
૨. માન.શ્રી આશીષ ભાટિયા સાહેબ (આઈપીએસ)-ડાયરેકટર જનરલ ઓફ પોલીસ (ડી.જી.પી.) અને મુખ્ય પોલિસ અધિકારીશ્રી-ગાંધીનગર.